સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ઉધારીથી દેવાં કરી, જાણે રિદ્ધિ મળી ગઇ છે!
અંબાણી-અદાણીની બાપુકી નિદ્ધિ મળી ગઇ છે!
વિધિ થઇ ગઇ હવે કર્મકાંડી, મેળા-ઉત્સવો...
દેખાડે દુનિયામાં દેખાવાની સિદ્ધિ મળી ગઇ છે.

હાઈકુ

હિંદુત્વ પર
ભરડે સૌ ભાષણ -
વિવેકાનંદો..
(ભાજપી મહાત્માઓ)

થાય રોશની
દિલ્હીના રિમોટ થી -
ડાન્સીંગ તંત્ર
(બિલથી દિલ બળે)

ચિંતન

ઇક્ષુદંડાસ્તિલાઃ શુદ્રાઃ કામિની હેમ મેદિની । દધિ ચંદન તાંબૂલ મર્દનં ગુણ વર્ધનમ્ ॥

શેરડીનો સાંઠો, (જેને ખૂબ પીલવામાં આવે તો તેમ તેમ વધારે મીઠો અને વધારે રસની પ્રાપ્તિ થાય છે, તલને પણ ઘાણીમાં જેમ જેમ વધારે પીલવામાં આવે તેમ તેમ તેનાં તીલામાં અને તેલમાં પણ વધારે મિઠાશ આવે છે. શુદ્ર-નીચી કક્ષાના માણસોને જેમ જેમ વધારે તાલીમ આપી-વધારે કામ કામ લેવામાં આવે તેમ તેમ તેના કામ કરવાની ગુણવત્તામાં વધારો થાય છે.

સ્ત્રી-તે પણ વધારે પંપાળવાથી - સાચવવાથી - સ્નેહ-પ્રેમ આપવાથી વધારે ગુણવતી બને છે.

સોનું વધારે તપાવી-ટીપવાથી પણ તેની ગુણવત્તા અને ચળકાટમાં વધારો થાય છે.

પૃથ્વીને જેમ જેમ વધારે ઊંડી ખેડવાથી અને ખાતર આપવાથી વિશેષ ફળદાય-ફળદ્રુપ બને છે.

દહીંના મેરવણ પહેલાં-થોડું મેરવણ નાખી વિશેષ પણે વલાવવાથી દહીં ઘટ્ટ અને જલદી જામી જાય છે.

ચંદનના ગુટકાને ઓરસ્યિા પર વધારે ને વધારે ઘસવાથી વિશેષ ચંદન અને ઘટ્ટતામાં વધારો થાય છે અને પાન પર કાથો-ચૂનો વધારે ઘસવાથી મિઠાશ વધે છે.

આ વસ્તુઓ વધારે મર્દન-ઘસવા-તપાસવા-પીલવાથી વધારે ગુણવત્તા આવે છે.

સુવિચાર

- 'હું' સફળ થાઉં એવા પ્રયત્નો કરવાં કરતાં જીવન સફળ થાય એવા પ્રયત્નો કરવા જોઇએ - એસ.ભટ્ટાચાર્ય
- જીવન વરસતા વરસાદ જેવું છે, ભીંજાવાનો આનંદ લો, નહીંતર આભ પણ વરસી જ રહ્યું છે, ખબર પણ નહીં પડે અને જીવન ખતમ થઇ જશે - રાજ ભાસ્કર
- જે માણસ પોતાને પ્રેમ કરતો હોતો નથી, એ જયારે બીજાને પ્રેમ કરે છે ત્યારે મોટા ભાગે ઢોંગ કરતો હોય છે - ડો. ચંદ્રકાન્ત મહેતા
- ખુદ ચકીંન હોતા નહીં જીનકો અપની મંઝીલ કા,
  ઉનકો રાહ કે પથ્થર કભી રાસ્તા નહીં દેતે - ગોપાલ મિત્તલ
- જેનો સામનો કરવાનો આવે તે બધી જ વસ્તુઓ બદલી શકાતી નથી જો કે, આમ જોવા જઇએ તો જયારે કોઇ પણ વસ્તુનો સામનો કરવાનો આવે ત્યારે જ તેને બદલી નાખવાનો વિચાર પેદા થાય છે - જનકલ્યાણ
- જીવતા માણસમાં મારી જે શ્રદ્ધા છે તે સિવાયની બીજી કોઇ આસ્થાની જરૂર મને જણાતી નથી - કાકાસાહેબ કાલેલકર
- કીર્તિ એ એવી ચીજ છે કે જે માણસે કમાવી પડે છે.. અને ગૌરવ એ એવી જ ચીજ છે કે જે માણસે ખોવી ન જોઇએ - કવિ દાન્તે

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલ સત્તાપક્ષનાં કૌભાંડ, કોઇ મોટો જાન હાનિનો બનાવ, અકસ્માત થાય ત્યારે ઉહાપોહ પર ટાઢું પાણી નાખવા સરકાર 'નિવૃત્ત ન્યાયાધીશ' કે કોઇ પોપટીયા અગ્રણીનું એક ન્યાયપંચ નીમી દે છે અને એ પંચ મહિનાઓ કાઢી ગોળ ગોળ ફેરવી આખરે 'ક્લીન ચીટ' જ દઇ દેતા હોય છે.

સિંહણે - 'તારું મોઢું ગંધાય છે' કહી સિંહને નજીક ન આવવા દીધો. સિંહ ખૂબ ગિન્નાયો પણ શું કરે! ગુસ્સો દાબી બેઠો હતો ત્યાંથી ઘેટું પસાર થયું. સિંહે પૂછ્યું અહીં આવીને મને કહે કે મારું મોઢું ગંધાય છે?

ઘેટું કહે - ખૂબ જ મરેલું કૂતરું ખાઇ તમે દાંત સાફ નથી કર્યા? સિંહે તેનો પંજો મારી ખાતમો બોલાવી દીધો.

થોડીવારે વરું આવ્યું. ઘેટાંના અવશેષો જોઇ અર્ધી સમજ પડી ગઇ. સિંહે એને પૂછ્યું. મારું મોઢું ગંધાય છે? વરું પક્ષના કાર્યકર જેવો હતો. એણે કહ્યું કોણ કહે છે સરકાર? મને તો તમારા મુખમાંથી ગુલાબની સુગંધ આવે છે!

સિંહ વધારે ગુસ્સે થયો કહ્યું, સાલા-માખણિયા-ચાપલૂસ કહી પંજો માર્યો - વરુ ઢળી પડ્યો.

ત્યાંથી શિયાળ પસાર થયું. તપાસપંચના વડા જેવો બુદ્ધિમાન હતો. સિંહે પ્રશ્ન પૂછ્યો. વાતાવરણ જોઇ શિયાળે બે-ત્રણ છીંક ખાધી - પછી કહ્યું, 'સરકાર મને ત્રણ-ચાર દિવસથી શરદી થઇ છે નથી કોઇ સ્વાદ આવતો નથી કંઇ જ ગંધ આવતી! કહી ફૂદકો મારી નાઠું!!'

Email - sureshchandrabhatt18@gmail.com

ભારતીય સંસ્કૃતિના જયોર્તિધર સ્વામી વિવેકાનંદ

પ્રસંગસર
- રજનીકાંત ભટ્ટ



દેશભકત સંન્યાસી સ્વામી વિવેકાનંદનો ૧૫૩ મો જન્મ દિવસ તા.૧૨મી જાન્યુઆરીએ રાષ્ટ્ર ઉજવી રહ્યું છે. સ્વામીજીનો જન્મ ૧૨મી જાન્યુઆરી ૧૮૬૩ના રોજ કલકત્તા સ્થિત એક કાયસ્થ પરિવારમાં થયો હતો. તેઓના પિતા વિશ્વનાથદત્ત કલકત્તા હાઈકોર્ટના એક પ્રસિધ્ધ વકીલ હતા. માતા ભુવવેશ્વરી દેવી એક ધર્મપરાયણ આદર્શ ભારતીય નારી હતા. સ્વામીજીનું બાળપણનું નામ નરેન્દ્ર હતું. તે આપણે જાણીએ છીએ. બચપણથી નરેન્દ્રની બુધ્ધિ ખૂબ તેજ અને ઈશ્વરને પામવાની પીપાસા ખુબ પ્રબળ હતી. આથી તેઓ શરૂઆતમાં બ્રહ્મસમાજમાં ગયા પરંતુ તેમના મનને ત્યાં સંતોષ થયો નહી.

તેઓ ભણતા હતા તે દરમ્યાન તેમના પિતાનું અચાનક અવસાન થયું. ઘરનો ભાર નરેન્દ્ર પર આવી પડયો. ઘરની દશા ખુબ ખરાબ હતી. પોતાના ગુરૂ શ્રી રામકૃષ્ણ પરમહંસને સમર્પિત એવા આ યુવા શિષ્ય પોતાના કુટુંબની આર્થિક હાલતની ચિંતા કર્યા વગર પોતાના ગુરૂની સેવામાં સતત સંલગ્ન રહેવા લાગ્યા. ગુરૂદેવના કહેવાથી તેઓમાં કાલી પાસે પ્રાર્થના કરવા ત્રણ વખત ગયા. પરંતુ પોતાના કુટુંબ માટે કંઈ માંગી શકયા નહિં, તમણે જગન્માતાને પ્રાર્થના કરી કે મા મને જ્ઞાન ભકિત વિવેક અને વૈરાગ્ય આપો. અને ગુરૂદેવ શ્રીરામકૃષ્ણએ નરેન્દ્રને અભય વચન આપતા કહ્યું કે તારા પરિવારને સારા અન્ન વસ્ત્રની તંગી રહેશે નહિ.

સ્વામી વિવેકાનંદે "સર્વ જનહિતાય સર્વજન સુખાય" માટે સંસ્કાર ત્યાગ કર્યો અને સંન્યાસી બન્યા અને સ્વામી વિવેકાનંદ નામ ધારણ કર્યું.

પોતાના ગુરૂ શ્રી રામકૃષ્ણ પરમહંસની મહાસમાધિ પછી છ વર્ષ સુધી તેઓએ ભારતમાં પરિવ્રાજક તરીકે ભ્રમણ કર્યુ અને તત્કાલિન ભારતની સમસ્યાઓનો ઉંડાણથી અભ્યાસ કર્યો. પરિભ્રમણનું સમાપન કન્યાકુમારી ખાતે કર્યું. ત્યાં સમુદ્રની અંદર આવેલા નિર્જન શિલાખંડ પર ત્રણ દિવસ ભારતની સમસ્યાઓ પર પ્રગાઢ ચિંતન કર્યું. પછી તેઓ ૧૯૮૩માં શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં ગયા અને હિંદુ ધર્મનો દિગ્વિજય કર્યો અને અમેરિકા અને યુરોપના દેશોમાં સનાતન હિંદુ ધર્મનો પ્રચાર કર્યો.

તેઓ ફેબ્રુઆરી ૧૯૮૭માં ભારત પરત ફર્યા અને રામકૃષ્ણ મિશનની કલકત્તા ખાતે સ્થાપના કરી , જે આજે વિશ્વભરમાં માનવજાતની સેવામાં અગ્રેસર છે. સ્વામી વિવેકાનંદ ગુજરાતમાં ૧૮૯૧-૯૨ દરમ્યાન નવમહિના જેટલો લાંબો સમય રોકાયા હતા. વિશેષ કરીને પોરબંદર ખાતે તત્કાલીન દીવાન શંકર પાંડુરંગ પંડિતના મહેમાન તરીકે રોકાયા હતા.

વિવેકાનંદ એક સ્વપ્રદષ્ટા હતા. તેમણે એક એવા સમાજની કલ્પના કરી હતી જયાં ધર્મ કે જાતિના આધાર પર મનુષ્ય-મનુષ્ય વચ્ચે કોઈ ભેદભાવ નહિ હોય. સ્વામીજીએ એ વેદાંતના સિધ્ધાંતોને ઓરૂપમાં પ્રગટ કર્યા હતા. અધ્યાત્મવાદ વિરૂધ્ધ ભૌતિકવાદના વિવાદમાં પડયા વગર એમ કહી શકાય કે સમત્વના સિધ્ધાંતને જે આધાર વિવેકાનંદે આપ્યો એનાથી વધારે સબળ બૌધ્ધિક આધાર ભાગ્યે જ મળી શકે. સ્વામીજીને યુવકો પાસેથી ઘણી આશાઓ છે. આજના યુવાનો માટે આ ઓજસ્વી સંન્યાસી સ્વામી વિવેકાનંદનું જીવન એક આદર્શ પ્રસ્તુત કરે છે.

૩૯ વર્ષના સંક્ષિપ્ત જીવનકાળમાં સ્વામીજી જે કામ કરી ગયા તે આવનારી અનેક શતાબ્દીઓ સુધી નવી પેઢીઓને માર્ગદર્શન આપતું રહેશે. ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરે એક વખત કહ્યું હતું કે "જો આપ ભારતન. જાણવા માગતા હોતો વિવેકાનંદને વાંચો" એમનામાં આપ બધુ સકારાત્મક જોશો, નકારાત્મક કશું ન નથી. રોમાંરોલાંએ સ્વામીજી વિશે એક વાર કહ્યું હતું "તેઓ દ્રિતીય હોવાની કલ્પના કરવી પણ અસંભવ છે. તેઓ જયાં જતાં ત્યાં હંમેશાં સર્વપ્રથમ જ રહેતા. તેમનામાં દરેકને પોતાના નેતા દેખાતા. તેઓ ઈશ્વરના પ્રતિનિધિ હતા. અને દરેક પર પ્રભુત્વ પ્રાપ્ત કરી લેવાની વિશિષ્ટતા તેમનામાં હતી. હિમાલય પ્રદેશમાં એકવાર એક અજાણ્યા યાત્રીએ એમને જોયા અને તેણે આશ્ચર્ય પૂર્વક કહ્યું - 'શિવા'"

તેઓ કેવળ સંત જ નહીં, એક મહાન દેશભકત મહાન વિચારક, લેખક અને માનવપ્રેમી હતા. અમેરિકાથી પાછા આવીને તેઓએ દેશવાસીઓને આહવાન કરતાં કહ્યું હતું . "નવ ભારત નીકળી પડે મોચીની દુકાનમાંથી કારખાનામાંથી હાટમાંથી, બજારમાંથી તે નીકળી પડે પહાડો, જંગલો ઝાડીઓ પર્વતોમાંથી" અને દેશવાસીઓએ સ્વામીજીના આહવાનને જીલી લીધું. ગાંધીજીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે જનસમર્થન મળ્યું તે સ્વામી વિવેકાનંદના આ આહવાનનું ફળ હતું. એ રીતે સ્વામી વિવેકાનંદ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના એક મુખ્ય પ્રેરણા સ્ત્રોત હતા.

સ્વામીજીને વિશ્વાસ હતો કે પવિત્રે ભારત વર્ષ ધર્મ અને દર્શનની પુણ્યભુમિ છે. આ સંન્યાસ અને ત્યાગની ભુમિ છે. સ્વામીજી આહવાન કરે છે કે "ઉઠો જાગો બીજાને પણ જગાડો અને ધ્યેય પ્રાપ્તિ સુધી જપો નહિ" સ્વામીજી પુરોહિતવાદ ધાર્મિક આડંબર અને અવરોધક સામાજીક કુરિવાજોનો સખત વિરોધી હતા. તેઓએ મનુષ્યની નિઃસ્વાર્થ સેવાને કેન્દ્રમાં રાખીને ધર્મ અને અધ્યાત્મનું ચિંતન કર્યું હતું. સ્વામીજીના જીવનનો અંતર્લય એ જ હતો અને તેઓ એ વાતથી આશ્વસ્ત હતા કે પૃથ્વી પર ભારત જ એક એવો દેશ છે. જેણે માનવ કલ્યાણ માટે ઈમાનદાર કોશિશો કરી છે.

વિશ્વ ઈતિહાસકાર પ્રો.આર્નોલ્ડ ટોયંબી તેના મહાન ગ્રંથ "વિશ્વનો ઈતિહાસ"ના ક્ષમાયનમાં ભારતના ચાર મહામાનવો : ભગવાન બુધ્ધ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ અને મહાત્માગાંધીનો ઉલ્લેખ કરીને જણાવે છે કે ભારતીય ચિંતન માનવજાતિને વિનાશમાંથી ઉગારવાની ક્ષમતા ધરાવે છે. આ સ્વામી વિવેકાનંદનું ભારતને પ્રદાન છે.

આજે યુવા દિન : સ્વામી વિવેકાનંદ જયંતિ

સંવત ૧૯૧૯ના પોષવદ સાતમને સોમવાર, સને ૧૮૬૩ના જાન્યુઆરીની બારમી તારીખે વિવેકાનંદજીનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ શ્રી વિશ્વનાથ દત્ત હતું તેઓ કાર્ટમાં એટર્ની હતા. વિવેકાનંદના માતાનું નામ ભુનેશ્વરીદેવી હતું. શરૂઆતમાં વિવેકાનંદનું વીરેશ્વર નામ પડયું, પરંતુ થોડા સમય પછી એનું નામ નરેન્દ્રનાથ રાખવામાં આવ્યું. ૧૨ મી જાન્યુઆરીએ તેમની યાદમાં તેમના જન્મ દિવસે ભારતમાં રાષ્ટ્રીય યુવકદિન તરીકે ઉજવવામાં આવે છે.

આ એક ઉત્તમ શ્રદ્ધાંજલિ હતી કારણ કે સ્વામી વિવેકાનંદના મોટાભાગના લખાણો ભારતીય યુવાઓ વિશે હતા અને તેમાં આધુનિક વિશ્વમાં સંપૂર્ણપણે જોડાઈને ભારતના પ્રાચીન મૂલ્યોને કઈ રીતે જાળવી રાખવા તે અંગે સૂચન હતા. સાત વર્ષની વયે તો તેમને 'મુગ્ધબોધે' નામનું સંસ્કૃત વ્યાકરણ તથા રામાયણ અને મહાભારતના કેટલાય ભાગો કંઠસ્થ કરી લીધા હતા. રમતગમતનો નરેન્દ્રનો શોખ અતિશય પ્રબળ હતો. સત્યપ્રિયતા એમના જીવનનો મુખ્ય ગુણ હતો. ઈશુ ખ્રિસ્તને પિટર, શ્રી કૃષ્ણનો અર્જુન, બુધ્ધને આનંદ અને શ્રીગૌરાંગને નિત્યાનંદ સાંપડયા તેવી જ રીતે શ્રીરામકૃષ્ણ પરમહંસને શિષ્ય નરેન્દ્રનાથ મળ્યા. ઉચ્ચ આધ્યાત્મિક સત્યનો સાક્ષાત્કાર વિવેકાનંદને તેમના ગુરૂ રામકૃષ્ણ પાસેથી મળ્યો. તેઓ "અમેરિકાના ભાઈઓ તથા બહેનો" સંબોધન સાથેના તેમના પ્રવચનથી વધુ જાણીતા બન્યા છે. તે ભાષણ દ્વારા તેમણે શિકાગો ખાતે વિશ્વધર્મ પરિષદમાં સન ૧૮૯૩માં હિંદું ધર્મનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. જાણીતા સંગીતકારો અહમદખાન અને વેણીગુપ્ત પાસે સંગીતની તાલીમ લીધી. નરેન્દ્રનાથ સરસ ગાતા અને વાધો બજાવવામાં એ ઉસ્તાદ હતા. વિવેકાનંદજી અને જમશેદજી તાતાને ભારતની શ્રેષ્ઠત્તમ શૈક્ષણિક સંસ્થા સ્થાપવાની પ્રેરણા આપી હતી. મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરૂ, સુભાષચંદ્ર બોઝ, અરવિંદ ઘોષ, રાધાકૃષ્ણન જેવા અન્ય રાષ્ટ્રીય નેતાઓ તથા વિચારકો પર તેમનાં તત્વજ્ઞાનનો પ્રભાવ પડયો હતો. તેમણે અમેરિકા, ઈંગ્લેન્ડ અને યુરોપના અન્ય કેટલાક દેશોમાં વેદાંત, યોગ અને હિન્દુ ધર્મનાં પ્રચાર કર્યો હતો.

"ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો"

એ એમનો જીવનમંત્ર હતો.

"સાચો ધર્મ એટલે જ ચારિત્ર્ય
ચારિત્ર્ય જ સાચી શકિત છે"- સ્વામી વિવેકાનંદ

સ્વામીજીએ ૩૭ વર્ષ, ૫ માસ અને ૨૪ દિવસનું આયુષ્ય ભોગવીને થાકેલું બાળક જેવી રીતે માતાના ખોળામાં જંપી જાય તેવી રીતે જગદંબાના ખોળામાં ચિરનિદ્રાં લીધી. તેઓ ઘણીવાર કહેતા "હું ચાળીસ વર્ષ પુરા નહી કરું!" એમનું એ વિધાન સાચું પડયું.

-જયદેવસિંહ એ.ઝાલા
(મા.શિ.શ્રી વરદાયિની હાઈસ્કુલ, રૂપાલ)

વહેમમાંથી વાસ્તવિક માણસ બનાવવાની ક્ષમતા પ્રગટાવતા ચિંતન પ્રેરક નિબંધો

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

દરેક માણસને એ પ્રશ્ન સતાવે છે અથવા તો ક્યારેક ને ક્યારેક સામે આવે છે કે આપણે કોણ છીએ? તેથી માણસ તેની શોધ આદરે છે. એ શોધ આમ તો તેના પોતાના પોતીકા સત્યની હોય છે. તેમાં જેમ જેમ સમજમ ઉઘડતી જાય તેમ તે પોતાની જાતને વામણી સમજતો થઇ જાય છે અને છતાં સમાજની સામે પોતે કંઇ હોવાનો ડોળ કરે છે કેમ કે તેની આ શોધ કંઇ ગાંધી બાપુના 'સત્યના પ્રયોગો' નથી. જો કે જેસો અંતરાત્માના અવાજને દબાવીને પોતાનું માર્કેટિંગ કરતા હોય કે સ્થાપિત કમઠાણમાં સામે પડવાની જગ્યાએ આરતી ઉતારતા હોય કે ક્યારેક પોતે કોણ છે? પોતે શું છે? તે જાણી કે પામી શકતા નથી. હાં, તેઓ માણસપણાને સાવ સસ્તામાં વટાવી શકતા હોય છે અને તે દ્વારા દુન્યવી લાભો પ્રાપ્ત કરી શકતા હોય છે પણ બધા એવા ન પણ હોય.

આજે મારે તમને એક એવા વ્યક્તિના પુસ્તકની વાત કરવી છે. તે ખુદ કહે છે કે મેં મારી જાતને નિરપેક્ષ ભાવે જન સાધારણના, વિશેષ પણે આજીવન શોષણનો ભોગ બનતી સ્ત્રી જાત તથા સર્વહારા સમુદાયના સ્વનિયુક્ત પ્રવક્તા તરીકે પ્રયોજવામાં ક્યારેક પાછીપાની કરી નથી. હું ફક્ત સ્થાફિત કમકાણ સામે જ નહીં, ખુદ ઇશ્વર સામે પણ બાથંબાથી કરતો રહ્યો છું એની મારી છાપ સાહિત્ય કળાના માન સરોવરને કાંઠે સતત કળોટાટી કરતા રહેતા આખાબોલા, કડવાબોલા કાગડા જેવી છે. કેમ કે 'સ્ટુગર કોટેડ સત્ય' વાળી કીમીયાવાળી ફાવતી નથી. મને તો માણસ હોવાનો વહેમ છે. તેથી હું મારા માણસપણાને એમ સાવ સસ્તામાં વટાવી શકું નહીં. એમ કરવા જાઉં તો કદાચ દુન્યવી લાભ જરૂર રળી શકું પણ મારાં માંહ્યો મને ક્યારેક માફ ન કરે.

આવો પોતાની જાત માટે માણસ હોવાનો વહેમ લઇને બેઠેલા આપણા વરિષ્ઠ સાહિત્યકાર ડો. કેશુભાઇ દેસાઇના ચિંતન પ્રેરક લઘુ નિબંધોનું પુસ્તક 'માણસ હોવાનો મને વહેમ' ની વાત આજે મારે તમને કરવી છે. આમ તો આ બધા ચિંતન પ્રેરક નિબંધો 'મુંબઇ સમાચાર', 'સંદેશ' કે 'દિવ્ય ભાસ્કર' જેવાં જાણીતા અખબારોમાં પ્રગટ થયેલા છે. પરંતુ આ અખબારી કોલમના લેખન કરતાં કંઇક વિશેષ છે. એ વાત પ્રબુદ્ધ વિવેચક પ્રો. જશવંત શેખડીવાળાના મંતવ્યથી પુષ્ટ થાય છે. તેઓ લખે છે કે 'હું તમારામાં બેઠેલાં વાર્તાકાર-નવલકથાકાર જેટલો જ તમારી અંદર કાર્યરત ચિંતકનો પુરસ્કાર કરું છું. મને તમારા નિબંધાત્મક - ચિંતનાત્મક અને લલિત લખાણો ખૂબ ગમ્યાં છે.'



'માણસ હોવાનો મને વહેમ' શિર્ષકવાળા આ દળદાર પુસ્તકમાં લેખકે આખરે કોણ છી આપણે? એ પ્રશ્નથી પોતાની કેફિયત મુકી આપી છે તે પછી 'સુખ નામની જણસ' નામે એક નિબંધ છે. તે પછી ચિંતન પ્રેરક આ નિબંધોને લેખકે પાંચ જુદા જુદા વિભાગોમાં વહેંચીને મુકી આપ્યાં છે. જેમાં (૧) તુમ્હારી યહી કહાની તેમાં કુલ ૧૨ નિબંધો મળે છે. અહીં દુઃખીના દુઃખની વાતો, સુખી ના સમજી શકે, અબળા, ભોગ્યા, ગાંધીની નારી, તું હૃદય વસનારી, વહાલનો દરીયો, કાર્લા-સકોઝીની પુત્રૈષણા, આબરુ, જુલમનો અહેસાસ, બે ઉપેક્ષિત 'મનુવંશી' મહિલાઓ, મેના, હવે તું સમડી બન, સાહિત્યમાં સ્ત્રી, આ બધાં શિર્ષકો જોતાં નારીલક્ષી નિબંધો છે તે વાતની પ્રતિતિ થઇ જાય છે. તો બીજા વિભાગમાં 'રોવું નો'તું પણ મુજથી રોવાઇ જ ગયું' તેમાં 'બાળક નામે બુધિયો, તો તોડતી પથ્થર, ત્યાં ધૂપ અહીં બીડીનો ધુમાડો. ધૂતી જશે ઘરા, ક્ષુધિત ગુજરાત એમ પાંચ નિબંધો છે. જે માનવીય સંવેદનાને ઉજાગર કરે છે. તે પછી ઉમાશંકર જોષીની પ્રખ્યાત કવિતાની પંક્તિ 'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી' માં આદિમતાની ઓળખ, એને પણ આઝાદી ખપે, બુલફાઇટ, ગાયમાતા ગોમતી, 'ચકલી તો ચાલી', કતલખાનું ક્યારેક કાયદેસર હોઇ શકે? શાહાકાર 'સંસ્કારિતાની નિશાની,' પાપનું માપ, શહોદર શત્રુતા. જેવા ૯ નિબંધો મળે છે. તે પછીનો વિભાગ છે. જાતસ્ય હિ ધ્રુવે મૃત્યુઃ તેમાં 'વૃદ્ધ મંદિર, વિધુર વ્યથા, મૃત્યુ : અકાળમૃત્યુઃ અપ મૃત્યુ, સ્વેચ્છા મૃત્યુ, મોંઘેરી મિરાત, હણોના પાપ ને, આંસુ ભરી હૈ યે જીવન કી રાહેં જેવા ૭ નિબંધો છે. જેમાં મૃત્યુની સાથોસાથ જીવન વિશે લેખકનું ચિંતન મળે છે. તો એક નાનો છતાં અગત્યનો લાગે તેવો વિભાગ છે. મામેક શરણં વ્રજ તેમાં 'બુદ્ધ સામે યુદ્ધ' મને ના જાણતું કોઇ, ગીતાઃ આધ્યાત્મનું અક્ષયપાત્ર જેવા નિબંધો આપેલાં છે. અને આધ્યાત્મતાની વધુ વાતો જાણવા અક્ષયપાત્ર સમાન છેલ્લો વિભાગ છે. તેમાં 'હરિકથા અનંત' 'ગંગાઃ હિંદુસ્તાનની જીવન રેખા, શક્તિ પાત્ર ભક્તિને પાત્ર, સુર્યાય નમઃ, બાપની તે વળી બીક કેવી, વીઆઇપી દર્શન, અતિક્રમણનો એકમાત્ર ઇલાજ પ્રતિક્રમણ, શ્રદ્ધા તણા આસનને નમું છું, સંતપણાની ચોકી.'

આ રીતે આ પુસ્તકમાં આપણે કુલ - ૪૫ જેટલા લઘુ નિબંધો મળે છે. આ લખાણો અખબારી કટાર રૂપે લખાયાં હોવા છતાં એક ટકાઉ લેખન તરીકેની વિશેષ છાપ પાડે છે. કેમ કે લખનારની નજરમાં કરૂણા હોય અને હૃદયમાં સંવેદના હોય, મન મસ્તિષ્કમાં ઘપકીનું ઋણ ફેડવાની થોડીક તમન્ના હોયતો આવા લખાણોમાં પણ સહજ સર્જકતા ઉમેરાતી હોય છે અને એ વાંચનારનું હૈયું હલાવી શકે છે. આવું કાર્ય એક અક્ષરયજ્ઞ ગણી લેખક અહર્નિશ આરાધના રહ્યા છે. તેમણે વેશ્યાથી લઇ સંત મહાત્મા સુધીના વિશાળ ફલક પર કલમનું ખેડાણ કર્યુ છે. હાં આ લખાણો અખબારી કટાર નિમિત્તે લખાતાં હોઇ તેમાં ઠેર ઠેર તત્કાલીન પ્રાસંગિક ઘટના - પરિવેશનો ઉલ્લેખ મળે છે. પણ સમયાંતરે ભૂલાઇ જતાં પ્રસંગો સર્જન ને એવો વિશેષ પ્રતિસાદ આપવા પ્રેરે છે. જે લાંબા સમય સુધી વાંચવો અને વાગોળવો ગમે. એવી અંગત નિસ્બત સાથે આલેખાયેલા આ લખુ નિબંદો ગ્રંથસ્થ રૂપે મળતાં વાંચવા ગમે તેવાં છે.

'માણસ હોવાને મને વહેમ પુસ્તકના લેખક ડો. કેશુભાઇ દેસાઇ આપણી ભાષાના, વરિષ્ઠ સાહિત્યકાર છે. તેમણે અનેક નવલકથાઓ, વાર્તા સંગ્રહો, રેખાચિત્રો, લઘુકથા સંગ્રહો અને સ્મૃતિ કથા, નિબંધ સંગ્રહ, નાટક, આસ્વાદ, પ્રવાસ સંવેદન, અનુવાદના ભારતની અન્ય ભાષાઓ અને અંગ્રેજીમાં અનુવાદો થયા છે. ત્યારે તેમનાં આ ચિંતન પ્રેરક લઘુ નિબંધો ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય દ્વારા પ્રગટ થઇ રહ્યાં છે તે પ્રસંગે તેમને શુભેચ્છા પાઠવું છું અને પુસતકને આવકારું છું.'

માણસ હોવાનો મને વહેમ
લેખક - ડો. કેશુભાઇ દેસાઇ
પ્રકાશક - ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧
કિંમત - રૂા. ૨૦૦/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

દરેક ભારતીયના મનમાં ઘોળાતો સવાલ : ગંગા નદી કેમ સ્વચ્છ ન થઈ શકે?

હું રસ્તે રઝળતી વારતા
-અચના કમલેશ

ગંદી ગંવાને શુધ્ધ કરવાનું અશકય લાગતું કામ આ વખતની સરકાર શું શકય કરી બતાવશે? ગંગામાં ઠેર-ઠેર ગામોના ગંદા પાણી નદીની જેમ ઠલવાય છે. એકલું કાનપુર શહેર જ દરરોજ ૫૦ કરોડ લિટર ગંદુ પાણી ગંગામાં ઠાલવે છે જે એક ચિંતાજનક બાબત છે. લંડનની થેમ્સ નદીથી માંડી અમેરિકાની હડસન નદી જેવી દુનિયાની બીજી નદીઓના શુધ્ધિકરણ વાત આપણે કરીશું. કદાચ આના પાયામાં ગંગાના શુધ્ધિકરણ વાત છુપાયેલી હોય!

જેના કાંઠે ૧૦૦ જેટલાં શહેરો છુપાયેલા હોય એ શહેરોના ગંદા પાણી ઠલવતા ગંગામાં બંધ કરાવવા પડે અને કાનપુર પટણા, અલ્હાબાદ, કોલકતા વગેરે શહેરોના લાખો કારખાનાનો ઔધોગિક કચરો ઠલવાતો હોય તે બંધ કરાવવો પડે અને જયાં મરણ પામવાથી મોક્ષ મળી જાય છે. તે શ્રધ્ધાળુઓની ભાવનાને ઠેસ પહોંચાડયા વગર લાખો લોકોના અંતિમ સંસ્કાર બંધ કરાવવા તે પણ અશકય નથી પણ, ચર્ચા વિચારણા કર્યા બાદ આરામથી તેને દુર કરી શકાય છે. આ વાતને લઈને ચૂંટણીના પરિણામોમાં હાર-જીત થઈ શકે છે. પણ જો સરકાર સતત પ્રયત્ન કરે તો આ વાતને આરામથી શકય બનાવી શકે છે.

લંડનની થેમ્સ નદીની વાત કરીએ તો અંગ્રેજોની આ પવિત્ર નદીની દશા ૧૫૦ વર્ષ પહેલાં ભયંકર બદતર હતી. આ નદીની ગંદકીને કારણે તેનાં કાંઠે વિકસેલી લંડનની પાર્લામેન્ટનું સ્થાન બદલવું પડયું હતું. એ પછી તેમાં થયેલી ગંદકીને કારણે તેને ૬૦ વર્ષ પહેલાં મૃત માનવામાં આવી હતી અને ૧૯૬૦ ના દસકામાં તેનાં પુનરોધ્ધારની કામગીરી શરૂ કરાઈ હતી.

સૌપ્રથમ નદીમાં પડતી ગટરોને બંધ કરી તેને બીજી દિશામાં વાળવામાં આવી તથા તેનાં ગંદકી કરનારા ઉધોગોને કડક કાયદા અને તેના કડક અમલ દ્વારા દંડિત કરવામાં આવતા. નદીનાં કાંઠે આવેલા ખેતરોમાં ખેડૂતોને જંતુનાશક દવા, રાસાયણિક ખાતરોના જરૂરી અને મર્યાદિત પ્રમાણમાં ઉપયોગ કરવાનું કહેવામાં આવ્યું. પરિણામ નદી એ સમયમાં પ્રદૂષણ મુકત બની. આ સાફ-સફાઈનું કામ લગભગ ૧૫ વર્ષ ચાલ્યું. પણ તેમાં જનતાનો સહયોગ એવો હતો જેનું પરિણામ એ આવ્યું કે આ નદીમાં નવા-નવા જળચર પ્રાણીઓ જોવા મળ્યા અને આ નદી આજે પર્યટનનું સૌથી શ્રેષ્ઠ સ્થળ બની ગયું છે.

જો એક વ્યકિત મનમાં કામ કરવાની ધગશ ઉપાડે તો તેમાં તે પાછળ પડતો નથી. આનું જીવંત ઉદાહરણ છે અમેરિકાની પુનઃજીવિત થયેલી નાશુઆ નદી. તેમાં એટલી બધી ગંદકી થઈ ગઈ હતી તેને ૧૯૬૦ ના દાયકામાં મૃત માનવામાં આવી હતી અને તમામ જળચર અને સ્થળચર જીવોને ત્યાં મૃત ઘોષિત કરવામાં આવ્યા હતા પણ સ્ટોડાર્ટ નામના એક યુવક તેને પ્રદૂષણ મુકત બનાવી.

**સૌ પ્રથમ આ નદીની આસપાસ જેટલા ઔધોગિક ગૃહો આવેલા હતા તેના ગંદા પાણીને બંધ કરાવવા જરૂરી હતા. તેને માટે તેણે ખૂબ દોડધામ કરીને નવા કાયદા ફરજિયાત પણે સરકાર પાસે બનાવ્યા અને આસપાસના ગામોમાં આવેલી સુધરાઈને શુધ્ધિકરણના નવા આધુનિક યંત્રો વસાવવા માટે વિનંતી કરી અને ગ